GJTP050004642026

| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૭/૦૪/૨૦૨૬ |
| નોંધ્યા તારીખ | ૧૭/૦૪/૨૦૨૬ |
| નિર્ણય તારીખ | ૧૭/૦૬/૨૦૨૬ |
| સમયગાળો | <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u> |
| | **૦૦ ૦૨ ૦૦** |

---

**ઉચ્છલના મે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટ 1 માં, મું. ઉચ્છલ.**

**<u>ક્રિમીનલ કેસ નં. :- ૩૯૦/૨૦૨૬</u>**

---

**આંક – ૧૨**

**<u>ફરીયાદી</u>** :- **શ્રી સરકાર**

**વિરુધ્ધ :-**

**<u>આરોપી</u>** :- **આકાશભાઇ સંજયભાઇ પાડવી**
ઉ.વ. – ૨૨, ધંધો – મજુરી,
રહે. – હાથનૂર, નિશાળ ફળીયું તા. નિઝર,
જી. તાપી.

**<u>ગુનો</u>** :- **ભારતીય ન્યાય સંહીતાની કલમ – ૨૮૧ મુજબ.**

<u>ફરીયાદ પક્ષ તરફે</u> :- વિદ્ધાન એ.પી.પી. શ્રી જે.પી.પાલવે.
<u>આરોપી પક્ષ તરફે</u> :- વિદ્ધાન વકીલ શ્રી કે.વાય.વળવી.

## −: ચુકાદો :−

### (૧) ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત :−

હાલના આરોપી સામે ભારતીય ન્યાય સંહીતાની કલમ − ૨૮૧ મુજબનાં ગુનાનો આક્ષેપ છે. ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ તા. ૨૩/૦૩/૨૦૨૬ ના રોજ મોજે ઉચ્છલ પોલીસ સ્ટેશનની સામેથી પસાર થતાં, ઉચ્છલ થી નવાપુર ગામ તરફ જતાં જાહેર રોડ ઉપર પોતાનાં કબજાની કે.ટી.એમ. કંપનીની ડ્યુક મો. સા. રજી. નં. જી.જે.૧૬.ઇ.બી.૪૫૫૨ ની માનવ જીંદગી જોખમાય એ રીતે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ગુનો કરેલ. સદર ગુના અંગેની ફરીયાદ પોલીસ સ્ટેશનમાં જાહેર કરતાં, પોલીસ દ્વારા ગુનો નોંધી, ફરીયાદનાં આધારે ત.ક.અમલદારે તપાસ કરી આરોપી સામે પુરતા પુરાવા હોવાનું જણાતાં હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ.

### (૨) આરોપી હાજર થતાં અદાલતે અનુસરેલી કાર્યવાહી :−

ચાર્જશીટ દાખલ થતા આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતાં તેઓ હાજર થયેલ અને આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ − ૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ. ત્યારબાદ આરોપી સામે આક્ષેપિત ગુનાની પ્લી નોંધવામાં આવતાં આરોપીએ પોતાની સામેનાં ગુનાનો ઇન્કાર કરતાં આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

### (૩) ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવાઓ :−

ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ ફરમાવાયેલ તહોમત પુરવાર કરવા સારુ નીચે મુજબનો પુરાવો રજુ રાખેલ છે.

(અ) <u>મૌખિક પુરાવો :–</u>

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| (૧) | ૦૬ | પંચ સાહેદ – સતિષભાઇ જાલમસિંગભાઇ વસાવા ની જુબાની |
| (૨) | ૦૮ | ત.ક.અ. – સંદીપભાઇ સુરજીભાઇ ગામીત ની જુબાની |
| (૩) | ૧૦ | પંચ સાહેદ – સાલેમભાઇ રેન્જાભાઇ ગામીત ની જુબાની |

(બ) <u>દસ્તાવેજી પુરાવો :–</u>

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૦૭ | પંચનામું |
| (૨) | ૦૯ | ફરીયાદ |

(૪) ફરીયાદ પક્ષ તરફે વિદ્ધાન એ.પી.પી.શ્રીએ મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરતાં ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ. ત્યારબાદ આ કામનાં આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ – ૩૫૧ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવામાં આવ્યું. જેમાં આરોપીએ તેમની સામે નીકળી આવતાં સંજોગોનો ઈન્કાર કરી ફરીયાદ પક્ષે તેઓ સામે ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે. આરોપીએ તેમનાં આ કથનનાં સમર્થનમાં બચાવપક્ષનાં સાહેદો તપાસવાનું પસંદ કરેલ નથી.

(૫) <u>**નિર્ણય માટેનાં મુદ્દાઓ :–**</u> આ કામનાં નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**(ડી.એ.ગોહેલ)**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ. ક.,**
**ઉચ્છલ.**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીએ તા. ૨૩/૦૩/૨૦૨૬ ના રોજ મોજે ઉચ્છલ પોલીસ સ્ટેશનની સામેથી પસાર થતાં, ઉચ્છલ થી નવાપુર ગામ તરફ જતાં જાહેર રોડ ઉપર પોતાનાં કબજાની કે.ટી.એમ. કંપનીની ડ્યુક મો. સા. રજી. નં. જી.જે.૧૬.ઈ.બી.૪૫૫૨ ની માનવ જીંદગી જોખમાય એ રીતે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ભારતીય ન્યાય સંહીતાની કલમ – ૨૮૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

**(૬)** **<u>મુદ્દાઓનો નિર્ણય :–</u>** ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના હવે પછી તુરંત ચર્ચા કર્યાનાં આધારે મારા નિર્ણયો નીચે મુજબ છે :

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**<u>// નિર્ણય અંગેનાં કારણો //</u>**

- **<u>મુદ્દા નંબર – ૧ :–</u>**

**(૭)** ફોજદારી ન્યાયશાસ્ત્રનાં મૂળભુત સિધ્ધાંત મુજબ, ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જ્યાં સુધી આરોપી સામેનો આક્ષેપિત ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. એટલું જ નહીં, ફરીયાદ પક્ષ આરોપી સામે જે

આક્ષેપો સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરીયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી શંકાથી પર સાબિત કરવાના રહે છે.

(૭.૧) સદર કેસમાં આરોપી સામે ભારતીય ન્યાય સંહીતાની કલમ – ૨૮૧ વિગેરે મુજબનાં ગુન્હાનો આક્ષેપ છે. જેથી સૌપ્રથમ આ કલમો અંગે પ્રસ્થાપિત કરાયેલ સિધ્ધાંતો ધ્યાને લેવા જરૂરી હોય જે નીચે મુજબ છે :

(૭.૨) **Hon'ble Gujarat High Court in the case of Tejrav Uttamrav Ranit Versus State Of Gujarat reported in 2024 (0) AIJEL-HC 247871 held as under:**

**PARA- 18:**

**None of the eye witnesses or the occupants of the motor vehicle deposed criminal rashness, which is equal to hazarding a dangerous or wanton act with the knowledge that it is so, and that it may cause injury, but without intention to cause injury, or knowledge that it will probably be caused. It must be pointed out that rashness and negligence are not the same things., but to some extent, they are in diametric axis. Mere negligence cannot be construed to mean rashness. There are degrees of negligence and rashness and in order to amount to criminal rashness or criminal negligence one must find that the rashness has been of such a degree as to amount to taking hazard knowing that the hazard was of such a degree that injury was most likely to be occasioned thereby. Criminal negligence is gross and culpable neglect, that is to say, a failure to exercise that care and failure to take that precaution which, having regard to the circumstances, it was the imperative duty of the individual to take. Culpable rashness is acting with consciousness that mischievous consequences are likely to follow although the individual hopes, even though he hopes sincerely, that such consequences may not follow.**

(૭.૩) તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા **Bharatsinh Somabhai Baman Versus State Of Gujarat reported in 2023 (0) AIJEL-HC 247609 held as under:**

(ડી.એ.ગોહેલ)
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ. ક.,
ઉચ્છલ.

**[7.5] As discussed herein above, it becomes crystal clear that the conviction under Section 304-A read with Section 279 of the IPC cannot be founded merely on the doctrine of res ipsa loquitur. <u>Under Section 279 of the IPC, the rashness or negligence must be what may fairly can be described as a criminal rashness or criminal negligence. As accused can be convicted of the offence under Section 279 of the IPC, there must be more than some error of judgment or mere carelessness on the part of accused to render a person liable for criminal negligence.</u>**

**(૭.૪) Hon'ble Orissa High Court in the case of <u>Badri Prasad Tiwari V/s State</u> reported in <u>1993 (0) AIJEL-OR 1500124</u> held as under:**

**"5. Sec. 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. <u>In order to constitute an offence under Sec. 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person.</u> <u>For the purpose of Sec. 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgment.</u>**

**The <u>essential ingredients of Sec. 279 are :</u>**

**(i) Rash and negligent driving or riding on a public way. (ii) The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person.**

ઉપરોક્ત ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરાયેલ છે કે, મોટર એક્સીડેન્ટ કેસમાં ગફલતભર્યું અને બેદરકારીભર્યું ડ્રાઈવિંગ કરવા બદલ દોષિત ઠરાવવા માટેના જે ધોરણો છે તેમાં સૌપ્રથમ ફરીયાદ પક્ષે એમ પુરવાર કરવું અનિવાર્ય છે કે, આરોપી બનાવ સમયે અકસ્માત વાહનનું ડ્રાઈવિંગ કરતો હતો તથા સદર ડ્રાઈવિંગ બેદરકારીભર્યું કે ગફલતભર્યું કરતો હતો. માત્ર

એરર ઓફ જજમેન્ટનાં આધાર ઉપર ફોજદારી બેદરકારીભર્યા ડ્રાઈવિંગની બાબતનાં પુરાવાનાં અભાવે આરોપીને ગફલતભર્યા કે બેદરકારીભર્યા ડ્રાઈવિંગ બદલ દોષિત ઠેરવી શકાય નહીં.

(૮) ઉપરોક્ત સિધ્ધાંતો તથા કાયદાની જોગવાઈઓને નજર સમક્ષ રાખવામાં આવે તો, હાલનાં કેસનાં કામે ફરીયાદ હકીકત મુજબ, આરોપી જાહેર રોડ ઉપર પોતાના કબજા ભોગવટાનું વાહન અન્યનું જીવન જોખમાય તે પ્રકારે પુરઝડપે તથા ગફલતભરી રીતે બેદરકારીથી હંકારી ડ્રાઈવિંગ કરતાં મળી આવ્યા હોવાનો કેસ છે. ફરીયાદ પક્ષે તેમના સમર્થનમાં ત.ક.અમલદાર સંદીપભાઈ સુરજીભાઈ ગામીતનાંઓને સોગંદ ઉપર તપાસેલ છે. પરંતુ, બનાવવાળી જગ્યા એ જાહેર જગ્યા છે અને ત્યાં વાહનો તથા માણસોની સતત અવરજવર ચાલુ હોય છે તેમજ વાહનનાં કોઈ કાગળો પંચનામાની વિગતે કબજે કરાયેલ હોય તેવું બનેલ નથી. એટલું જ નહીં, બનાવ વખતે હાજર આ સાહેદોની જુબાની ધ્યાને લેવામાં આવે તો, આરોપી કઈ રીતે પુરઝડપે તથા ગફલતભરી રીતે પોતાનું વાહન કઈ દીશામાંથી કઈ દીશા તરફ ચલાવતા હતાં તેવું જણાવેલ નથી. જેથી ભારતીય ન્યાય સંહીતાની કલમ – ૨૮૧ માં જણાવેલ શબ્દો લખી દેવાથી આરોપી પુરઝડપે, ગફલતભરી રીતે તથા માનવ જીંદગી જોખમાય તે રીતે વાહન ચલાવે છે તેવું સાબિત થઈ જતું નથી. પરંતુ, આરોપી જે વાહન ચલાવે છે તે કઈ રીતે માનજ જીંદગી જોખમાય તે રીતે ચલાવે છે તેના ચોક્કસ સંજોગો દર્શાવવા પડે જે હાલનાં કેસમાં દર્શાવેલ નથી.

(૮.૧) ફરીયાદ પક્ષે સમગ્ર કાર્યવાહીનું પંચનામું આંક – ૦૭ થી રજુ કરેલ છે જેના પંચ સાહેદને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે પરંતુ, તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ પક્ષનાં કેસને કોઈપણ પ્રકારે સમર્થન કરેલ નથી. જેથી ફરીયાદ પક્ષ આંક – ૦૭ થી રજુ પંચનામું પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

**(ડી.એ.ગોહેલ)**
**જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ. ક.,**
**ઉચ્છલ.**

(૮.૨) વધુમાં, ફરીયાદ પક્ષનાં કેસ મુજબ હાલનો બનાવ ઉચ્છલ થી નવાપુર તરફ જતાં જાહેર રોડ ઉપર બનેલ છે, જે જાહેર જગ્યા છે. તેના મુજબ જો આરોપી જાહેર રોડ ઉપર પુરઝડપે તથા ગફલતભરી રીતે અને જાહેર જનતાની જીંદગી જોખમાય તે રીતે વાહન ચલાવતો હોય તો આ અંગે જાહેર જનતામાંથી કોઇ પણ સાહેદોના નિવેદનો તપાસ કરનારે તપાસ દરમ્યાન લીધેલ નથી કે આવા કોઇ પણ સાહેદોને ફરીયાદ પક્ષે પુરાવા દરમ્યાન પણ તપાસેલ નથી. આ કામે ફક્ત પોલીસ કર્મચારીઓએ ફરીયાદ પક્ષનાં કેસને સમર્થન કરેલ છે. જેઓ કેસનાં કામે હીત ધરાવતાં સાહેદો પણ છે, જેથી ફક્ત તેમની જુબાની ઉપર આધાર રાખવો ન્યાયોચિત જણાતું નથી. કેમ કે, બનાવ જાહેર જગ્યાએ બનેલ છે અને ત્યાંથી સ્વતંત્ર સાહેદો સહેલાઇથી મળી શકે તેમ છે. વધુમાં, વાહનનાં કોઇ કાગળો પંચનામાની વિગતે કબજે કરાયેલ નથી, જેથી વાહનની માલિકી પણ આરોપીની હોય તેવું ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી. એટલું જ નહીં, આ કામે પોલીસ સાહેદો પેટ્રોલીંગમાં હતાં તેવું જણાવે છે પરંતુ, પેટ્રોલીંગમાં હતાં તે બાબતે ગાડીની લોકબુકનો ઉતારો કે સ્ટેશન ડાયરીની નોંધ ફરીયાદ પક્ષે રજુ કરેલ નથી.

(૯) તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતે **State Of Karnataka Versus Satish** **reported in** **1996 (0) AIJEL-SC 28182** ના કામે વાહન ફક્ત હાઇ સ્પીડમાં ચલાવવાનાં કારણે "નેગલીજન્સ અથવા રેશનેસ " સાબિત માની શકાય નહીં. તે બાબતે નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

> **PARA-4. Merely because the truck was being driven at a "high speed" does not be speak of either "negligence" or "rashness" by itself. None of the witnesses examined by the prosecution could give any indication, even approximately, as to what they meant by "high speed". "High speed" is a relative term. It was for the prosecution to bring on record material to establish as to what it meant by "high speed" in the facts and circumstances of the case. In a criminal trial, the burden of providing everything essential to the establishment of the charge against an accused always rests on the prosecution and there is a**

**(ડી.એ.ગોહેલ)**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ. ક.,**
**ઉચ્છલ.**

> **presumption of innocence in favour of the accused until the contrary is proved. Criminality is not to be presumed, subject of course to some statutory exceptions. There is no such statutory exception pleaded in the present case. <u>In the absence of any material on the record, no presumption of "rashness" or "negligence" could be drawn by invoking the maxim "res ipsa loquitur".</u>**

આમ, આરોપી ફક્ત પુરઝડપે વાહન ચલાવતા હોય તેવું પુરવાર થવાથી પણ તેનાથી ભારતીય ન્યાય સંહીતાની કલમ – ૨૮૧ મુજબનાં "નેગલીજન્સી કે રેશનેસ " નાં તત્વો સાબિત થઇ જતાં નથી. આમ, ઉપરોક્ત જણાવેલ કારણોસર ફરીયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. તેવા સંજોગોમાં મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં ઠરાવી અને મુદ્દા નં. ૨ નો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## <u>:: હુકમ ::</u>

**(૧)** ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ – ૨૭૮(૧) અન્વયે આરોપીને ભારતીય ન્યાય સંહીતાની કલમ – ૨૮૧ મુજબનાં શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીએ અગાઉ આપેલ જામીન ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ – ૪૮૧ અન્વયે અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૭ મી જૂન, ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

મુ. ઉચ્છલ.
તા. : ૧૭/૦૬/૨૦૨૬

(ધાર્મિક અશોકભાઇ ગોહેલ)
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ. ક.,
ઉચ્છલ, જી. તાપી.
કોડ નં. જી.જે.૦૧૭૧૪

JPTrivedi

**(ડી.એ.ગોહેલ)**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ. ક.,**
**ઉચ્છલ.**